**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

**જાહેર વિજ્ઞપ્તિ**

નીચેના સંદર્ભમાં
ઉપરોકત અરજદાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, પાસે, રાજકોટ - ૩૬૦ ૦૦૪ દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વીજ અધિનિયમ – ૨૦૦૩ ની કલમ ૬૨ હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ ની કામગીરીની વાર્ષિક સમીક્ષા અને વર્ષ ૨૦૧૦-૧૧ માટે હૈયાત વીજ દર ચાલુ રાખવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખું) જાહેરનામું ૧/૨૦૦૭, નામદાર આયોગ ધ્વારા વખતોવખત આપવામાં આવેલ સબંધીત માર્ગદર્શન અને દિશા સૂચનો અને વીજ અધિનિયમ ૨૦૦૩ ના પાર્ટ ૭ (કલમ ૬૧ થી ૬૪) જોગવાઈ હેઠળ કરેલ છે.

**અરજદાર**

ઉપરોકત અરજદાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન, લક્ષ્મીનગર, નાના મવા રોડ, પાસે, રાજકોટ - ૩૬૦ ૦૦૪ દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વીજ અધિનિયમ – ૨૦૦૩ ની કલમ ૬૨ હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ ની કામગીરીની વાર્ષિક સમીક્ષા અને વર્ષ ૨૦૧૦-૧૧ માટે હૈયાત વીજ દર ચાલુ રાખવાની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખું) જાહેરનામું ૧/૨૦૦૭, નામદાર આયોગ ધ્વારા વખતોવખત આપવામાં આવેલ સબંધીત માર્ગદર્શન અને દિશા સૂચનો અને વીજ અધિનિયમ ૨૦૦૩ ના પાર્ટ ૭ (કલમ ૬૧ થી ૬૪) જોગવાઈ હેઠળ કરેલ છે. દરખાસ્ત નંબર ૯૯૫ /૨૦૧૦ થી નોંધાયેલ છે. પીજીવીસીએલ દ્વારા કોઇ ભાવવધારો સૂચવેલ નથી, માત્ર ફ્યુઅલ એન્ડ પાવર પરચેઇઝ પ્રાઇસ એડજસ્ટમેન્ટનાં સૂત્રમાં આંશિક ફેરફાર સૂચવેલ છે.

**સૂચનો / વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકા:**

ઉપરોકત બાબતેગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) નિયમન ૨૦૦૪ તેમજ (ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ ઓફ ટેરીફ નિયમન - ૨૦૦૫) ની જોગાવઇની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી સદર અરજી પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં ઉપર મુજબનાં સરનામે સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને તારીખ ૦૮.૦૨.૨૦૧૦ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. સુચનો/વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે તથા આ બાબતની અરજીની પાંચ નકલો પ્રમાણીત મુસદા પ્રમાણે સોગંદનામું કરીને પુરી પાડવાની રહેશે. જેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટે :**

સદર અરજીની નકલો પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન લક્ષ્મીગનર, નાનામવા રોડ પાસે, રાજકોટની વડી કચેરીમાંથી મુખ્ય ઈજનેર પાસેથી અથવા તો પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરીમાંથી જરૂરી નાણાં ભરપાઇ કરવાથી મળી શકશે. સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂા. ૧૫૦ /- પ્રતિ નકલ નક્કી કરવામાં આવી છે.
ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા. ૫૦/- (રૂા. પચાસ પુરા ) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફટથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના નામે મોકલવાના રહેશે.

ઊપરોકત દસ્તાવેજો કંપનીની વેબ સાઇટ www.guvnl.com તથા www.pgvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

તારીખ : ૦૭.૦૧.૨૦૧૦ | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. વતી,

સ્થળ : રાજકોટ | એસ.બી. રાવલ, (મેનેજીંગ ડીરેકટર)